અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઈન એઈડ
આશ્રમશાળામાં તાસદીઠ માનદવેતનથી
શિક્ષણકાર્ય કરાવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અસમ-૧૦૨૦૨૦-૭૨૮-ક
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૨/૦૩/૨૦૨૧

**વંચાણે લીધાઃ-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૨/૧૫નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૦૯/૦૯/૨૦૨૦નો પત્ર ક્રમાંકઃ અજાક-આશા-ગ-૨૦૨૦-૨૧-૫૦૧૪

**આમુખ :**

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૧૫ના ઠરાવથી પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે સરકારી અને અનુદાનિત શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગાઓ સામે ખાલી જગા નિયમિત રીતે ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય અટકે નહીં તે માટે તાસદીઠ માનદવેતનથી(Honorarium Per Period) શિક્ષણકાર્ય કરાવવાની યોજના અમલમાં છે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામેના તા.૦૯/૦૯/૨૦૨૦નાં પત્રથી અનુસૂચિત જાતિ માટેની ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓમાં આદિજાતિ વિકાસ વિભાગ અને શિક્ષણ વિભાગની જેમ પછાત વર્ગના બાળકોના હિતને ધ્યાને રાખી મંજૂર શિક્ષકોની જગ્યાઓ સામે ખાલી જગ્યા નિયમિત રીતે ભરાય ત્યાં સુધી બાળકોનું શિક્ષણ કાર્ય અટકે નહીં તે માટે ખાલી જગ્યાઓ સામે તાસદીઠ માનદવેતનથી શિક્ષણ કાર્ય કરાવવા અંગેની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વઃ-**

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓમાં ભણતા અનુસૂચિત જાતિના બાળકોના હિતને ધ્યાને રાખી મંજૂર શિક્ષકોની જગ્યાઓ સામે ખાલી જગ્યા નિયમિત રીતે ભરાય ત્યાં સુધી બાળકોનું શિક્ષણ કાર્ય અટકે નહીં તે માટે ખાલી જગ્યાઓ પર તાસદીઠ

માનદવેતનથી શિક્ષણ કાર્ય કરાવવાનું આથી ઠરાવવામાં આવે છે. આ અંગે બોલીઓ અને શરતો શિક્ષણ વિભાગના ધોરણો નીચે પ્રમાણે રહેશે; અર્થાત,

૨. <u>બોલીઓ અને શરતો:-</u>

(૧.) અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓમાં તાસદીઠ માનદવેતન(Honorarium Per Period) નીચે મુજબ રહેશે.

| વિગત | તાસદીઠ માનદવેતન | મહત્તમ દૈનિક તાસ | મહત્તમ દૈનિક માનદ વેતન |
|---|---|---|---|
| આશ્રમશાળા | રૂ.૫૦/- | ૬ તાસ | રૂ.૩૦૦/- |

(૨.) આશ્રમશાળામાં તાસ પદ્ધતિ ન હોય ત્યાં મહત્તમ દૈનિક માનદ વેતન રૂ.૩૦૦/- રહેશે. પ્રાથમિક શિક્ષણમાં ઉચ્ચક માસિક મહત્તમ માનદ વેતનની મર્યાદા રૂ.૭૫૦૦/- થી વધે નહીં તે રીતે રાખવાની રહેશે.

(૩.) જે આશ્રમશાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાની સામે આ પ્રકારના શિક્ષકોની સેવા લેવી જરૂરી હોય તે આશ્રમશાળાએ જાહેરાત આપી જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની ઉપસ્થિતિમાં આ જરૂરીયાતવાળા વિષયના શિક્ષકોની મળેલ અરજીઓમાંથી મેરીટ અનુસાર પસંદગી કરી જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીને પસંદગી યાદી રજૂ કરી તેઓની મંજૂરી મેળવ્યા પછી જ આવા શિક્ષકો પાસેથી કામ લેવાનું રહેશે. આ સિવાય પસંદ કરેલ કે નિમેલા શિક્ષકોને મંજૂર કરેલ આ બાબતનું કોઈપણ પ્રકારનું ચૂકવણું કરવાનું રહેશે નહીં.

(૪.) આશ્રમશાળાના શિક્ષકોએ ૦૧ માસથી વધારે સમયની રજા મૂકી હશે તો તે એડવાન્સમાં આચાર્ય પાસે મંજૂર કરાવવાની રહેશે. આચાર્યએ આવી રજા મંજૂરી માટે સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી પાસે ૦૧ માસથી વધારે સમયની રજા હોય તો તે એડવાન્સમાં મંજૂર કરી તે શિક્ષકની ગેરહાજરી દરમ્યાન શિક્ષણ કાર્યને પહોંચી વળવા માટે મુલાકાતી શિક્ષક માટે જેની સેવાઓ લેવા નક્કી કર્યું હોય તેની જાણકારી જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીને આપવાની રહેશે. આ મુલાકાતી શિક્ષકને નિયત માનદવેતન, ઉચ્ચક દરે ચૂકવવામાં આવશે. તે માટે જે તે આશ્રમશાળાની રજુઆત મળ્યેથી તેની ગણતરી કરી ચુકવવાની થતી ઉચ્ચક ગ્રાન્ટ આચાર્યના હવાલે ફાળવવા/મુકવા સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીએ કાર્યવાહી કરવાની રહેશે. આ ઉચ્ચક ગ્રાન્ટના હિસાબો આચાર્યએ નિભાવવાના રહેશે. મુલાકાતી શિક્ષકને જે તે વિષયનું શિક્ષણકાર્ય સુપ્રત કર્યા બદલ જયાં સી.સી.ટી.વી કેમેરા ઉપલબ્ધ હોય ત્યાં વીડીયો રેકોડીંગ રાખવાનું રહેશે. સાથોસાથ, આશ્રમશાળાનું સંચલન કરતાં ટ્રસ્ટ/સંસ્થા પાસેથી પણ મુલાકાતી શિક્ષકે શિક્ષણ કાર્ય પૂર્ણ કર્યુ છે તે

અંગેની મંજુરી મેળવવા ની રહેશે. નિયમિત શિક્ષક ની રજા કે ઘટ દરમ્યાન મુલાકાતી શિક્ષકની સેવાઓ લઈ શકાશે. પરંતુ તે માટે પણ આ ફકરામાં જણાવ્યા મુજબની તમામ કાર્યવાહી ફરજિયાત અનુસરવાની રહેશે.

(૫.) આશ્રમશાળાઓમાં શિક્ષકોની વિષયવાર ભરતી થતી હોય છે અને શિક્ષકોને એક કરતાં વધારે વર્ગમાં શિક્ષણ કાર્ય સોંપવામાં આવતું હોય છે. તેથી નિયમિત શિક્ષકની ગેરહાજરીમાં વિદ્યાર્થીને શિક્ષણ કાર્યથી વંચિત રહેવું ન પડે તે માટે પ્રવાસી શિક્ષક(મુલાકાતી શિક્ષક)ની સેવાઓ લેવા માટે જે તે વિષય શિક્ષક એવો લેવાનો રહેશે જે એક કરતાં વધારે ધોરણમાં ભણાવી શકે.

(૬.) આશ્રમશાળાઓમાં મેન્ટેનન્સ ગ્રાન્ટ ચૂકવવામાં આવતી નથી. તેથી પ્રવાસી શિક્ષકના ઉચ્ચક માનદવેતનનો ખર્ચ આકસ્મિક ખર્ચ તરીકે અનુદાનમાં આપવા લાગુ પડતા નિયમોમાં નિયામકશ્રી(અજાક)એ યથાયોગ્ય સુધારો કરી ચૂકવવાના રહેશે. પરંતુ, આ માટે આશ્રમશાળાના આચાર્યએ હિસાબો અલગથી દર્શાવવાના અને નિભાવવાના રહેશે અને તે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીને દર ત્રણ માસે રજૂ કરી તેનું મેળવણું જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીએ અચૂક કરાવી લેવાનું રહેશે. આ બાબત હેઠળ રોકેલા શિક્ષકોના માનદ વેતન ચુકવણાની માંગણી દર માસે શિક્ષકોના પગારના રજૂ થતાં બિલો સાથે અલગ નિયત નમૂના પત્રકમાં જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીની ચકાસણી હેઠળ રજૂ કરવાના રહેશે. આ વૈકલ્પિક વ્યવસ્થા હેઠળ ચૂકવવાપાત્ર માનદવેતનનું ચૂકવણું સબંધિત પ્રવાસી શિક્ષકોના ખાતામાં કોર બેન્કીંગથી જમા કરાવવાનું રહેશે.

(૭.) જ્યાં મુલાકાતી શિક્ષક રાખવામાં આવ્યા હોય તે શાળાઓનું ઈન્સ્પેક્શન જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીએ અચૂકપણે કરવાનું રહેશે અને તેઓના પ્રતિનિધિએ પણ આકસ્મિક મુલાકાત લઈ ખરાઈ કરવા સિસ્ટમ ઉભી કરવાની રહેશે.

(૮.) **આશ્રમશાળાઓમાં ખાલી જગ્યાઓ પર નિયમિત શિક્ષકોની ભરતી થાય ત્યારથી અથવા પ્રસુતિની રજા કે લાંબી રજા પર ગયેલ શિક્ષક પાછા ફરે કે તુરત જ આ વૈકલ્પિક વ્યવસ્થા હેઠળ શિક્ષકોની સેવા લેવાની આ પ્રકારની વ્યવસ્થાનો અંત લાવવાનો રહેશે. અન્યથા જો કોઈ મુલાકાતી શિક્ષકને મંજૂર મહેકમ કરતાં વધારે સંખ્યામાં ચાલુ રાખવામાં આવશે તો તે આચાર્યના અંગત પગારમાંથી વસુલ કરવામાં આવશે અને તે માટે સંસ્થા/સંચાલક મંડળ તથા આચાર્ય બંને પાસેથી યથાસંજોગો વસુલાત કરવા તથા શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ અંગે જરૂરી તકેદારી રાખવાની કાર્યવાહી જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીએ રાખવાની રહેશે.**

(૯.) આશ્રમશાળાઓમાં મંજૂર શિક્ષકોની જગ્યાઓ નિયમિત રીતે ભરાય તે રીતે અથવા ખાલી જગ્યાઓ નિયમિત રીતે ભરાય ત્યાં સુધી ખાલી જગ્યાઓ પર મુલાકાતી શિક્ષકને તાસદીઠ માનદવેતનથી શિક્ષણ કાર્ય કરાવવા માટે આપેલ નિમણૂકનો સમયગાળો ૧૦ માસથી વધારે ન હોય તે રીતે અને જે કિસ્સામાં નિયમિત શિક્ષક એક માસથી વધુ સમયની રજા પર હોય તે દરમ્યાન વર્ગખંડનું શિક્ષણકાર્ય અટકે નહીં તે રીતે મુલાકાતી શિક્ષક લેવાના રહેશે.

(૧૦.) આ યોજના હાલ પુરતી તા.૩૧/03/૨૦૨૨ સુધી અમલી રહેશે. ત્યારબાદ વખતોવખત પરિસ્થિતિને આધારે સદરહુ સમયમર્યાદા લંબાવવા અંગેની વિચારણા કરવાની રહેશે.

3. <u>લાયકાતનું ધોરણ:</u>

(૧) આશ્રમશાળામાં મુલાકાતી શિક્ષકની સેવાઓ લેવા માટે નીચે મુજબના લાયકાતના ધોરણો સંતોષતા હોય તેવી યોગ્ય વ્યક્તિને લઈ શકાશે:

(૨) "જે વિષયના શિક્ષકની ગેરહાજરી બદલ મુલાકાતી શિક્ષકની સેવા લેવાની હોય તે વિષયમાં સ્નાતક હોવા જ જોઈશે."

(૩) આ વ્યવસ્થા તદ્દન હંગામી ધોરણે કરવામાં આવે છે. સીધી ભરતીના ઉમેદવાર ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થા હોવાથી અને તાસદીઠ માનદવેતનથી સેવાઓ લેવાની હોઈ મુલાકાતી શિક્ષક તરીકે આવનાર ઉમેદવારનો કોઈ અન્ય સેવા વિષયક હક્ક દાવો રહેશે નહીં.

(૪) જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી તથા જે તે આશ્રમશાળાના આચાર્યએ લાયકાતના ધોરણો, માર્ગદર્શક સૂચનાઓ અને ચૂકવવામાં આવતા તાસદીઠ માનદવેતન બાબતે કોઈ કાયદાકીય ગૂંચ ઉભી ન થાય તે પ્રમાણે કાળજી લેવાની રહેશે.

(૫) તમામ જિલ્લામાં એકસુત્રતા જળવાય તે માટે નિયામકશ્રી(અજાક)એ પણ આ ઠરાવની માર્ગદર્શક સૂચનાઓ અનુસરવાની રહેશે અને અમલવારીમાં એકસુત્રતા જળવાય તે મુજબની કાર્યરીતિ અપનાવવાની રહેશે. મુલાકાતી શિક્ષકના ચૂકવણાની કામગીરી ઉચ્ચક બીલથી કોઈપણ લેખિત હુકમો વિના કરવાની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૧૨ SCW-૦૭ સુબેદાર રામજી આંબેડકર છાત્રાલય/ શ્રી જુગતરામ દવે આશ્રમશાળા યોજના (ગ્રા.ઈ.એ.) હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

૫. સદરહુ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૪/૦૨/૨૦૨૧ની નોંધથી અને માન.મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ની તા.૨૩/૦૨/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ચિરાગ પટેલ )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સા.ન્યા.અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, સા.ન્યા.અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી (નિયામકશ્રી(અજાક) મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(અ.જા.) (નિયામકશ્રી(અજાક) મારફત)
- સર્વે શાખાઓ
- સિલેકટ ફાઇલ-૨૦૨૧